# ભરૂચમાં કોમ્પ્લેક્સનો અગાસીનો ભાગ તૂટ્યો



**સદનસીબે** જાનહાનિ ન થતાં તંત્રએ રાહત અનુભવી, એક બાઈકને નુકસાન

ભરૂચ: ભરૂચ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા મદની કોમ્પ્લેક્સનો અગાસીનો આગળનો ભાગ મળસકે કડડભૂસ થઇ ગયો હતો. આ દુર્ઘટના વખતે સદનસીબે કોઈ જાનહાનિ ન થતાં રાહત અનુભવી હતી. અગાસીનો ભાગ તૂટતાં કાટમાળ નીચે પાર્ક કરેલી એક બાઈકને નુકસાન થયું હતું.

આ ઘટના મંગળવારે મળસકે લગભગ પાંચ વાગ્યાના અરસામાં બની હતી. અગાસીનો ભાગ અચાનક મોટા અવાજ સાથે તૂટી પડ્યો હતો. જેના કારણે આસપાસના રહીશોમાં હડકંપ મચી ગયો હતો. ધરાશાયી થયેલો ભાગનો કાટમાળ નીચે એક બાઈક પર પડ્યો હતો અને તેને નુકસાન થયું હતું. જો કે, તે સમયે ઘટના સ્થળે કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ન થતાં લોકોએ હાશકારો લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં હજુ પણ અનેક જૂનાં અને જર્જરિત મકાનો તથા બિલ્ડિંગ્સ આવેલાં છે. સમયસર સમારકામના અભાવે આવાં બાંધકામો જોખમી બની રહ્યાં છે. મદની કોમ્પ્લેક્સમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી. સ્થાનિક રહેવાસીઓએ તંત્ર સમક્ષ માંગણી કરી છે કે શહેરમાં આવેલાં જર્જરિત મકાનોનો સમયસર સરવે કરવામાં આવે અને જરૂરી સમારકામ અથવા કાર્યવાહી હાથ ધરાય તો ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓથી લોકો બચી શકે એમ છે.

# ભાડભૂત બેરેજ યોજના એવોર્ડ જાહેર: ખેડૂતોને ફાયદો થશે

**અંકલેશ્વર** તાલુકાનાં ૬ ગામની કુલ 819 હેક્ટર જમીન સંપાદિત થઈ હતી, 5 હજાર ખેડૂતોને ફાયદો

અંકલેશ્વર, ભરૂચ: ખેડૂતોના હિત માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે ભરૂચ જિલ્લાના ભાડભૂત બેરેજના અસરગ્રસ્ત ખેડૂતો માટે ખેડૂતલક્ષી મહત્ત્વનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર સંપૂર્ણ કિસાન હિતલક્ષી અભિગમની નેમ રાખે છે. ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ જમીન સંપાદનની પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શી બનાવી ખેડૂતોનું હિત જાળવ્યું છે.

અંકલેશ્વર તાલુકાનાં ૬ ગામની કુલ 819 હેક્ટર જમીનના સંપાદન માટે ખેડૂત હિત સર્વોપરી ન્યાયે સરકારે ખેડૂતોની સંમતિથી જમીન મેળવવા માટે બજાર કિંમત કરતાં પણ વધુ' સંમતિ એવોર્ડ' ભાવો જાહેર કર્યા છે. જ્યાં અંદાજિત 5 હજાર કરતાં પણ વધુ ખેડૂતોને લાભ થશે. ખેડૂતો પ્રત્યેની સંવેદના દાખવતાં અંકલેશ્વર તાલુકાનાં બોરભાઠા, બોરભાઠા બેટ, સક્કરપોર, સરફુદીન, તરિયા અને ધંતુરિયા ગામો માટે સરકારે હયાત જમીન માટે અને ડુબાણની જમીનના પણ' સંમતિ એવોર્ડ' જાહેર કરતાં સ્થાનિક ખેડૂતો માટે દેવ દિવાળી ખરા અર્થમાં સાર્થક બની છે.




| ગામનું નામ | ચો.મી. ના ભાવ | | વીઘાંના ભાવ | |
|---|---|---|---|---|
| | હયાત જમીન માટે | ડુબાણ જમીન માટે | હયાત જમીન માટે | ડુબાણ જમીન માટે |
| બોરભાઠા | 505 | 50-252 | 32.83 | 16.41 |
| બોરભાઠા બેટ | 505 | 252.50 | 32.83 | 16.41 |
| શક્કરપોર | 263 | 131.50 | 22.36 | 11.18 |
| સરફુદીન | 339 | 169.50 | 28.82 | 14.41 |
| તરિયા | 301 | 150.50 | 25.59 | 12.79 |
| ધંતુરિયા | 301 | 150.50 | 25.59 | 12.79 |

### સરકારના ભાવથી અસરગ્રસ્ત ખેડૂતોને સંતોષ થયો છે: ઠાકોરભાઈ પટેલ

અંકલેશ્વરના નવા હરિપુરા સજોદ ગામના રહેવાસી ઠાકોરભાઈ પરસોત્તમભાઈ પટેલે રાજ્ય સરકાર અને જિલ્લા વહીવટી તંત્રની પ્રશંસા કરતાં જણાવ્યું કે, ભાડભૂત બેરેજમાં અમારી જમીન સંપાદિત થઈ છે. તંત્રની સંપૂર્ણ કામગીરી પારદર્શી હતી. જેથી 'સંમતિ એવોર્ડ'ના પૈસા તરત જ અમારા ખાતામાં જમા થઈ ગયા. સૌથી મહત્ત્વની વાત એ છે કે, અમારી ધારણા કરતાં પણ વધારે રકમ મળી છે. આ માટે હું રાજ્ય સરકાર અને વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

જિલ્લા વહીવટી તંત્રની આગેવાનીમાં 'સંમતિ એવોર્ડ' હેઠળ ઉચ્ચ ભાવો આપવા ઐતિહાસિક અને ઉદાર નિર્ણયના કારણે ખેડૂતોની દેવ દિવાળી સુધરી છે. તંત્રની અસરકારક કાર્યવાહીના પરિણામે ખેડૂતોને ધારણા કરતાં વધુ વળતર આપીને જમીન સંપાદન માટે સર્વોત્તમ 'સંમતિ એવોર્ડ' ભાવો જાહેર કરી ખેડૂતોના જીવનમાં સમૃદ્ધિ લાવવાનું અને સરકારની ખેડૂતલક્ષી નીતિનો સ્પષ્ટ સંદેશ સરકારે આપ્યો છે.

ભાડભૂત બેરેજ યોજના માત્ર એક પ્રોજેક્ટ નથી. નર્મદાના મીઠા પાણીને વેડફાતું અટકાવીને, ભરૂચ-અંકલેશ્વર વિસ્તારને દરિયાની ખારાશથી બચાવવા, મીઠા પાણીનો સંગ્રહ કરવા અને કૃષિ તેમજ ઉદ્યોગોને નવજીવન આપવા માટેનો સંજીવની સમાન મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ છે. ત્યારે તમામ અસરગ્રસ્ત ખેડૂત ભાઈ-બહેનોને વિનંતી છે કે, તેઓ રાષ્ટ્રહિત અને પોતાના આર્થિક હિતને ધ્યાનમાં રાખી વહેલી તકે સંમતિ કરાર કરે અને આ વિશેષ વળતર યોજનાનો વહેલી તકે લાભ લે.

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગમાં ઠગાઈના ગુનાનો આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો




નેત્રંગ: નેત્રંગ પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૨૦માં નોંધાયેલા ઠગાઈના ગુના કેસનો આરોપી ગોકુળ શિવાજી સાળુંકે (ઉં.વ.૫૬) (રહે., વિદ્યાવિહાર કોલોની મકાન નં.૪૮, બી વરઝોડી રોડ, શિરપુર, જિ.ધુલિયા, મહારાષ્ટ્ર) છેલ્લાં પાંચ વર્ષથી નાસતો ફરતો હતો. તેને ટેક્નિકલ સર્વેલન્સના આધારે શિરપુરથી ઝડપી જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

### અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં રોડ ઉપર બેઠેલી ગાયને અકસ્માત




અંકલેશ્વર: અંકલેશ્વરના પાનોલી જીઆઇડીસીમાં સંજાલી ગામ નજીક રોડ પર એક ગાય બેઠી હતી. જેના પર એક કન્ટેનર ચાલક કન્ટેનર ચઢાવી ફરાર થઇ ગયો હતો. સમગ્ર ઘટના નજીકના સીસીટીવીમાં કેદ થઇ ગઈ હતી. ગંભીર રીતે પગમાં ઇજા સાથે દર્દથી પીડાતી ગાય અંગે સ્થાનિક જાગૃત નાગરિકને જાણ કરવામાં આવતાં તેમના દ્વારા જીવદયા પ્રેમીની મદદથી ગાયની સ્થળ પર પહોંચી સારવાર કરી હતી. તેમજ ગાયને સુરક્ષિત સ્થળે ખસેડી હતી.

### ડેડિયાપાડા-ચીકદા તાલુકા આદિવાસી કર્મચારીઓનું સ્નેહ સંમેલન યોજાયું




સાગબારા: ડેડિયાપાડા-ચીકદા તાલુકાના આદિવાસી કર્મચારી લોકકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ગત શનિવારે નિવાલ્દા સ્થિત સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલ ખાતે વય નિવૃત્ત અને નવનિયુક્ત કર્મચારીઓ માટે સ્નેહ સંમેલન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં આદિવાસી સમાજના વડીલ અધિકારીઓ, યુવા કર્મચારીઓ, ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત ધરતી વંદના સાથે કરવામાં આવી હતી, જે આદિવાસી સમાજની સાંસ્કૃતિક અને પ્રકૃતિ પ્રત્યે માટે આદર ભાવનું પ્રતીક દર્શાવ્યું હતું. વર્ષ દરમિયાન અવસાન પામેલા કર્મચારીઓ માટે શ્રદ્ધાંજલિ વ્યક્ત કરી હતી.

### નહાર-કાવી રોડ ઉપર મારુતિ વાન પલટી જતાં ડ્રાઈવરનું મોત



ભરૂચ: જંબુસરના નહાર-કાવી રોડ પર એક માર્ગ અકસ્માતમાં દહેગામ ગામના 19 વર્ષીય યુવક ફરીદ સાદિકનું મોત થયું છે. દહેગામનો 19 વર્ષીય ફરીદ સાદિક પોતાની મારુતિ વાન લઈને ગામડાઓમાં ફેરીનો ધંધો કરતો હતો. તે પોતાનો વ્યવસાય કરવા માટે નીકળ્યો હતો. એ દરમિયાન, નહાર કાવી રોડ પર તેની મારૂતિવાન પલટી ગઈ હતી. ફરીદ સાદિકને માથામાં ગંભીર ઈજા થતા ઘટનાસ્થળે જ તેણે દમ તોડી દીધો હતો. બનાવની જાણ થતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતા. પોલીસે ઘટના સ્થળે પહોચીને સંલગ્ન કાર્યવાહી હાથ ધરી હતી.

### અંકલેશ્વરમાં હોટલ પાસે મગર દેખાયો




અંકલેશ્વર: અંકલેશ્વર-વાલિયા રોડ પર આવેલી શાલીમાર હોટલ પાસે મગર દેખાયો મગર હતો. GIDC તળાવના કિનારે મગર દેખાયો હોવાનો વિડીયો વાયરલ થતાં વોકિંગ કરવા જતાં લોકોમાં ભય છવાયો હતો. વન વિભાગ પાંજરું મૂકી મગરને ઝડપી સુરક્ષિત સ્થળે છોડે તેવી લોકમાંગ ઊઠી છે.

### ભરૂચમાં 6 જુગારી ઝડપાયા, રૂ.2.84 લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

ભરૂચ: ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમે નાઈટ પેટ્રોલિંગ દરમિયાન બાતમીને આધારે ભીડભંજનની ખાડીમાં હનુમાન મંદિરની આગળ ખુલ્લી જગ્યામાં જુગાર અંગેની રેડ પાડી હતી. જેમાં ભરૂચ શહેરના 6 આરોપી અનીશ જયેશભાઈ રાણા (ઉં.વ.29 રહે. વેદાંત સોસાયટી લીંકરોડ), શાહરૂખ ગુલામ રસુલ મીરાસી (ઉં.વ.29 રહે-નવીનગરી ત્રણ કુવા શેરપુરા રોડ), તરુણ અમરસંગ રાણા (ઉં.વ.24 રહે-આનંદનગર સોસાયટી શક્તિનાથ), કમલેશ મહેશભાઈ વસાવા (ઉં.વ.29 રહે-ભીડભંજન ખાડી હનુમાન મંદિર પાસે) અને જેઠાભાઈ બેચરભાઈ વણકર (ઉં.વ.60 રહે-વેરાગીવાદ ફાટા તળાવ)ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. તેઓ પાસેથી જુગાર રમવાના સાધનો, ચાર મોબાઈલ ફોન કિંમત રૂ.80 હજાર, ચાર મોપેડ રૂ.1,80,000/- અને રોકડ રૂપિયા 24,290 મળીને કુલ રૂ.2,84,290/-ની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## હાંસોટના ઉતરાજ ગામે અકસ્માતમાં આધેડનું મોત

ભરૂચ: હાંસોટ નવી વસાહત ખાતે રહેતા વિજય વસાવાના 49 વર્ષીય પિતા બચુભાઈ ગત તા.2 નવેમ્બરે સાંજે ઉતરાજ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન કોઈ અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારી ફંગોળી દીધા હતા અને ચાલક વાહન લઈને ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. સાંજ સુધી પિતાની શોધખોળ કરવા છતાં તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. બીજા દિવસે સવારે હાંસોટ પોલીસ તરફથી વિજય વસાવાને ફોન આવ્યો હતો, જેમાં તેમના પિતાનું સારવાર દરમિયાન ભરૂચ સિવિલ હોસ્પિટલમાં 3 નવેમ્બરે મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે પુત્ર વિજય વસાવાએ હાંસોટ પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

# કેવો વિકાસ? નેત્રંગ ગ્રા.પં.ના આંગણામાં જ ગટરનું વહેણ!

**ખુલ્લેઆમ** રોડ ઉપર વહેતા ગંદા પાણીને લઈ રહીશો પરેશાન




નેત્રંગ: નેત્રંગ નગરમાં ગ્રામ પંચાયત વહીવટી તંત્રની બેદરકારીના કારણે તેમજ પાણીના નિકાલ માટે કોઈપણ જાતનું સુઆયોજન ન થતાં તેમજ ગ્રામ પંચાયત થકી ફળિયે ફળિયે બોર મોટરની સગવડ ઊભી કરાતાં જે-તે વિસ્તારના રહીશો બેફામ પાણીનો વપરાશ કરતા હોવાથી રસ્તા ઉપર ખુલ્લેઆમ ગટરના પાણી વહેતા લોકો હેરાન થઈ ગયા છે, જેમાં સ્ટેશન વિસ્તારમાં રહેતા રહીશો માટે બનાવેલી તકલાદી ગટર લાઈનના કારણે પાણીનો જે તરફ નિકાલ થવો જોઈએ તે થતો ન હોવાથી સ્ટેશન વિસ્તારનું ગંદું અને દુર્ગંધ મારતું ગટરનું પાણી ગ્રામ પંચાયત સેવાસદનના પ્રવેશદ્વાર પાસેથી જ વહીને છેક ગાંધીબજારમાં આવેલી પ્રાથમિક શાળા તેમજ રહીશોના ઘરઆંગણેથી રોજેરોજ વહેતા રહીશો ગ્રામ પંચાયતના વહીવટકર્તા પદાધિકારીઓ સામે રોષ ઠાલવી રહ્યા છે. દુર્ગંધયુક્ત પાણીથી નગરમાં પાણીજન્ય રોગચાળો ફેલાય તેવી દહેશત છે. આ બાબતે તંત્રનું વારંવાર ધ્યાન દોરવા છતાં કાર્યવાહી થતી નથી.

# કારેલીમાં જમીનમાંથી માતાની મૂર્તિઓ નીકળી

**પાદરાના** નટુભાઈ સોલંકીના સપનામાં મૂર્તિ દેખાઈ, ખોદકામ કરતા મૂર્તિ નીકળી

**ચમત્કારની** વાત ગામમાં પ્રસરી જતાં દર્શન માટે ગ્રામજનો ઊમટી પડ્યા

ભરૂચ: પાદરા તાલુકાના સોમજીપુરા ગામના નટુભાઈ માધુભાઈ સોલંકીના જણાવ્યા અનુસાર કારેલી ગામે માતાજી હોવાનું તેમણે બે વખત સપનું આવ્યું હતું. પરંતુ તે ધ્યાને ન લીધી હતી. પરંતુ આજે રાત્રે ફરી સપનું આવ્યું અને કારેલી ગામનું બોર્ડ, ગાંધીઆશ્રમથી પીલુદરા તરફ જવાન માર્ગે 'ફેટાવાળા દાદા' મંદિર પાસે જગ્યા બતાવેલી હતી. સવારે નટુભાઈ નોકરી પર ગયા હતા, પરંતુ તેમનું મન ન લાગતાં કંપનીમાંથી ગેટ પાસ લઈ કારેલી ગામે આવી પહોંચ્યા હતા અને ગ્રામજનોને વાત કરતા સપનામાં દેખાયેલી જગ્યા પર ગ્રામજનો સાથે પહોંચ્યા હતા. જ્યાં આશરે બે ફૂટનો ખાડો ખોદતાં ખાડામાંથી ઉમિયા માતાજી તથા દશા માતાજીની મૂર્તિઓ જે પંચધાતુની અને 10થી 12 ઈંચની ઊંચાઈ ધરાવતી મળી આવી હતી. આ સમયે માજી સરપંચ સોમાભાઈ શંકરભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ચમત્કારની વાત ગામમાં પ્રસરી જતાં માતાજીના દર્શન માટે ગ્રામજનો ઊમટી પડ્યા હતા.

### કુદરત રૂઠી ને રસ્તા પર ઊગી નીકળી ખેડૂતોની વ્યથા




ઓલપાડ: ઓલપાડ-કીમ રાજ્ય ધોરી માર્ગ પરની આ તસવીર પ્રથમ નજરે હરિયાળી અને સૌંદર્યનું દૃશ્ય લાગે છે, પરંતુ હકીકતમાં એ કુદરતનો માર અને ખેડૂતોની વ્યથા વ્યક્ત કરે છે. કમોસમી માવઠાએ ખેડૂતોને અણધાર્યો આંચકો આપ્યો. વરસાદના કારણે અનેક ખેડૂતોનું ડાંગર પલળી ગયું અને તે બચાવી લેવા માટે રસ્તા પર સૂકવવા મૂક્યું હતું. આશા હતી કે સૂર્ય નીકળશે, પવન વહેશે અને મહેનતનું ફળ ઘેર પહોંચશે. પરંતુ કુદરતે ફરી રમૂજ કરી ને ફરી વરસાદ વરસાવ્યો. પરિણામે એ પલળેલું ડાંગર જમીન પર જ મૂળ ધરવા લાગ્યું. રસ્તા પર ઊગેલા નાના લીલા અંકુર કોઈ ખેતરની સમૃદ્ધિ નથી, પરંતુ ખેડૂતની અધૂરી આશાનું પ્રતીક છે. જે જમીનમાં નહીં પરંતુ રસ્તા પર ફૂટી નીકળ્યું છે. ઓલપાડ તાલુકાના વડોલી માર્ગ પર કુદરતની આ લીલીછમ તસવીર એક દુ:ખભરી કવિતા સમાન છે, જેમાં ડાંગરનું દાણું 'અન્ન' નહીં, પરંતુ ખેડૂતની આંખનું આંસુ બની ગયું છે.



# તાપી જિલ્લામાં માવઠાથી પાકને નુકસાન થતાં સરવે

**જિલ્લામાં** કુલ ૧૨૮ ટીમ સરવેમાં જોતરાઈ

### મંત્રીઓએ તાપી જિલ્લાની મુલાકાત લીધી

વ્યારા: વ્યારા તાલુકાના ખોડતળાવ ગામે રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણી, મંત્રી નરેશ પટેલ અને મંત્રી રમેશ કટારાએ એકસાથે ખોડતળાવ ગામે નુકસાન થયેલા ડાંગરના પાકનું નિરીક્ષણ કરી ખેડૂતોની વેદના સાંભળી હતી અને સરકાર ખેડૂતોની વહારે હોવાનું જણાવી ખેડૂતોને પાક નુકસાનના વળતર માટે સાંત્વના આપી હતી. મંત્રીએ તાપી કલેક્ટર અને જિલ્લા ખેતીવાડી અધિકારી પાસેથી તાપી જિલ્લામાં ખેડૂત અને ખેતીવાડીને લગતી જરૂરી માહિતી મેળવી પાક નુકસાની મુદ્દે જરૂરી સૂચનો આપ્યાં હતાં.

વ્યારા: તાપી જિલ્લામાં માવઠાને કારણે જિલ્લાના અનેક વિસ્તારોમાં ડાંગર સહિતના વિવિધ પાકોને મોટાપાયે નુકસાન થયું છે. રાજ્યભરમાં કમોસમી વરસાદથી ખેડૂતોને વિવિધ પાકોને નુકસાન થયું છે.

તાપીના વ્યારા, ડોલવણ, વાલોડ, નિઝર, ઉચ્છલ, કુકરમુંડા, સોનગઢ, ઉકાઈ કુલ ૫૧૮ ગામોમાં કમોસમી વરસાદથી વ્યાપક નુકસાન થવાનો અંદાજ છે, જેમાં જિલ્લામાં મુખ્યત્વે ડાંગર, જુવાર, તુવેર, મકાઈ, કપાસ, તેમજ શાકભાજી જેવા પાકોને ભારે નુકસાન થયું છે. પાક નુકસાનના મૂલ્યાંકન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગ્રામસેવક ખેતી, તલાટી કમ મંત્રી, કૃષિ સહાયક તથા સ્થાનિક કર્મચારીઓ સહિતની કુલ ૧૨૮ ટીમની રચના કરી સરવે કામગીરી શરૂ કરવામાં આવી છે. આ ટીમો ગામગામની મુલાકાત લઈ સરપંચ, ગ્રામ પંચાયતો તથા ખેડૂત આગેવાનોની હાજરીમાં નુકસાનગ્રસ્ત ક્ષેત્રનું નિરીક્ષણ કરી પંચરોજકામ અનુસાર માહિતી સંકલિત કરી રહી છે.

જિલ્લા ખેતીવાડી અધિકારી ચેતન ગરાસિયાએ જણાવ્યા મુજબ કમોસમી વરસાદના કારણે તાપી જિલ્લાનાં ૫૧૮ ગામોના અંદાજિત ૧ લાખ ૧ હજાર હેક્ટર વાવેતર વિસ્તારમાં પાક નુકસાની નોંધાઈ છે. તમામ નુકસાનગ્રસ્ત ગામોમાં ખેતીવાડી વિભાગની કુલ ૧૨૮ ટીમ દ્વારા ઝડપથી સરવે કામગીરી કરવામાં આવી રહી છે. ગત તા.૨ ઓક્ટોબરે સાંજ સુધીમાં સરવે ટીમ દ્વારા અંદાજિત ૨૨ હજાર હેક્ટર વિસ્તારમાં સરવે પૂર્ણ કરાયો છે. આ સાથે જિલ્લામાં અસરગ્રસ્ત થયેલાં તમામ ગામોમાં પાક નુકસાનીના પ્રાથમિક સરવે માટે પંચરોજકામની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

# સારંગપુરમાં દારૂ કાર્ટિંગ વેળા જ પોલીસ ત્રાટકી

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે અગાઉ સારંગપુર ગામમાંથી ઝડપાયેલા દારૂના જંગી જથ્થાના ગુનામાં ફરાર એક બુટલેગરની કાપોદ્રા ગામમાંથી અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી. ગત તા.8મી ડિસેમ્બર-2024માં અંકલેશ્વરના સારંગપુરની નવી નગરી વસાહત પાસે ઈંગ્લિશ દારૂનું કાર્ટિંગ થઈ રહ્યું હતું. દરમિયાન અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ઓચિંતી રેઈડ કરી ઈકો કાર તેમજ મોપેડ સહિત મોટો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જો કે, બે બુટલેગર પોલીસને જોઈ જતા ફરાર થઈ ગયા હતા.

દરમિયાન આ ગુનામાં દસ મહિના બાદ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે આ પ્રોહિબિશન એક્ટ અંતર્ગત ગુનામાં જે-તે સમયે ફરાર થઈ ગયેલા કાપોદ્રા ગામની પ્રતિષ્ઠા રેસિડેન્સીમાં રહેતા બુટલેગર રમઝાન ઈદ્રીશ મશુખા શેખને ઝડપી પાડ્યો હતો. આ બુટલેગર સામે આ અગાઉ પણ અનેક પ્રોહિબિશન એક્ટ અંતર્ગત કાર્યવાહી થઈ છે.

## નેત્રંગ તાલુકામાં ૯૦૦૦ હેક્ટરથી વધુ પાક અસરગ્રસ્ત

નેત્રંગ: માવઠાને કારણે ખેતીને નુકસાન થતાં હાલ ખેતીવાડી વિભાગ અને તમામ અધિકારીઓ સરવેની કામગીરી કરી રહ્યા છે. નેત્રંગ તાલુકામાં જૂન માસમાં વરસાદના આગમનથી સાથે તુવેર-૩૬૪૦ હેક્ટર, સોયાબીન-૧૯૮૦, કપાસ-૩૬૦૨, ડાંગર-૧૫૯૫ અન્ય-૧૧૧૩ પાકનું વાવેતર થયું હતું, જેમાં દિવાળી પછી પડેલા કમૌસમી વરસાદના કારણે અંદાજિત ૯૦૦૦ હેક્ટરથી વધુ પાકને નુકસાન થતાં અધિકારીઓ સરવે પૂર્ણ થતાં રિપોર્ટ રજૂ કરશે.